ગાંધીનગર સમાચાર

વારે-તહેવારે ચિલોડા પંથકમાં ખેડૂતો પાકની કાપણી-લણણીમાં વ્યસ્ત

### કાળી ચૌદશનું મુહૂર્ત સાચવી તસ્કરોએ રજાઓમાં સાત મકાનોના તાળા તોડ્યા

# તહેવારોમાં તસ્કરોએ નગરને ધમરોળી નાંખ્યું..!

**સઘન પેટ્રોલીંગના પોકળ દાવાઓ વચ્ચે તસ્કરોના પોલીસને સણસણતા સાત તમાચા : ત્રણ મકાનોમાં ઘરફોડ : ચારમાં ઘરફોડના પ્રયાસ**

ગાંધીનગર, તા. ૨

સીસીટીવી કેમેરાથી સજ્જ નગરમાં પોલીસના સઘન નાઈટ પેટ્રોલીંગના દાવા વચ્ચે તસ્કરોએ તહેવારોમાં બે-પાંચ નહી પરંતુ સાત-સાત મકાનના તાળા તોડી પોલીસને સણસણતા તમાચા ઝીંકી દીધા છે. કાળી ચૌદશનું મુહૂર્ત સાચવી લઈને તસ્કરોએ રજાઓમાં સાત-સાત મકાનોના તાળા તોડી પોલીસને તેનું પાણી માપી આપ્યુ છે. પોલીસનું નાક વાઢી નાંખીને નગરને ધમરોળી દેનાર તસ્કરો અત્યારે બિન્દાસ્ત આઝાદ ફરી રહ્યા છે ત્યારે પોલીસ ઘરફોડ ચોરીઓના માત્ર કાગળો કરવામાં વ્યસ્ત હોય તેમ લાગી રહ્યુ છે. જો કે પોલીસે ઘરફોડના પ્રયાસની ચાર ઘટનાઓ તો કાગળ પર પણ લીધી ન હોવાનું જાણવા મળ્યું છે.

કાળી ચૌદશની રાત્રે સરગાસણ ખ-૦ સર્કલ નજીક એક સોસાયટીમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી અને બે મકાનોના તાળા તોડી મકાનમાં છાનભીન કરી હતી. જો કે મકાનમાંથી કાંઈ કિંમતી ચિજવસ્તુઓ ન મળતા તસ્કરોનો ફેરો ફોગટ ગયો હતો. આ બંને ઘરફોડ ચોરીના પ્રયાસ અંગે પોલીસને જાણ થતાં સ્થળ પર પણ પહોંચી હતી પરંતુ ફરિયાદ દાખલ થવા પામી નથી. તે ઉપરાંત સેક્ટર-૬ વિસ્તારમાં ચાર મકાનોના તાળા તુટ્યા હતા. જે પૈકી બે મકાનોમાંથી દાગીના અને રોકડની માલમત્તાની ચોરી થવા પામી હતી. જ્યારે બે મકાનોમાં કાંઈ ગયું ન હોવાથી ફરીયાદ દાખલ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. જે બે મકાનોમાંથી તસ્કરી થવા પામી હતી તેમાં એક તબીબનું ઘર છે. સે. ૬-સી, પ્લોટ નં. ૮૧૭/૧ ખાતે રહેતા ડૉ. વિપુલ નવીનચંદ્ર સોનેરીના મકાનમાં દિવાળીની સવારથી બેસતા વર્ષની સાંજ દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા. મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને અંદર ઘુસી સોનાની ચુની, ડાયમંડ સેટ, ચાંદીનો સેટ, ૧૨ હજાર ઓસ્ટ્રેલીયન ડૉલર અને રૂ. ૬૩ હજાર રોકડા મળીને કુલ રૂ. ૧,૮૧,૦૦૦ની મત્તા તસ્કરો સાફ કરી ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ સે. ૬-બી પ્લોટ નં. ૫૫૭/૨ ખાતે રહેતા મુકેશ બાબુભાઈ સલારના મકાનમાં દિવાળીની સવારથી બેસતા વર્ષની બપોર દરમ્યાન તસ્કરો ઘુસ્યા હતા. મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘુસેલા તસ્કરો રૂ. ૩૫૦૦ રોકડ ઉઠાવી ગયા હતા. અન્ય કાંઈ કિંમતી ચિજવસ્તુઓ તસ્કરોના હાથ લાગી ન હતી. કાળી ચૌદસથી ભાઈબીજ દરમ્યાન મકાન બંધ કરીને બહાર ગામ ગયેલા સે. ૧૨ સિવિલ સ્ટાફ ક્વાટર્સ જ-ટાઈપ બ્લોક નં. ૧/૭માં રહેતા વિષ્ણુભાઈ ગોવિંદભાઈ નાયી આજે પરત ફર્યા તો તેમના મકાનના દરવાજાનો નકુચો પણ તુટેલો જોવા મળ્યો હતો. તેમના મકાનમાંથી તસ્કરો સોનાની ચેઈન, વિંટી, ચાંદીની વિંટી અને રૂ. ૫૦ હજાર રોકડા મળીને રૂ. ૮૧ હજારની મત્તા ઉઠાવી ગયા હોવાનું જાણવા મળતા તેમણે પણ પોલીસ બોલાવી હતી. સે. ૭ પોલીસે ત્રણ ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કર્યો છે. જ્યારે ચાર ઘરફોડ ચોરીના પ્રયાસ અંગે ફરીયાદ નોંધી ન હોવાનું જાણવા મળ્યું છે. વિસ્તારની દષ્ટીએ સૌથી નાના એરીયા ધરાવતા પોલીસ સ્ટેશન પૈકીનું એક પોલીસ સ્ટેશન સેક્ટર-૭ છે અને તેમાં બબ્બે પીઆઈનું પોસ્ટીંગ છે. સઘન રાત્રી પેટ્રોલીંગના આદેશ છતાં રજાઓમાં સાત-સાત મકાનના તાળા તુટ્યા તે નવાઈ પમાડે તેવું અસરકારક પેટ્રોલીંગ કહેવાય..! હશે... કદાચ સાહેબો વીવીઆઈપી બંદોબસ્ત કરીને થાકી ગયા હશે..!

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની માસિક બેઠક સાંજે ૪ કલાકે સે. ૨૨માં ઘ-૫ નજીક સ્વસ્તિક કોમ્પલેક્ષના બીજા માળે યોજાશે.

### સેક્ટર-૭ અને ૨૬માંથી ડેન્ગ્યુના બે કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના વધુ બે કેસ મળી આવ્યા છે. આ બે કેસ મળતાં ડેન્ગ્યુના આ સિઝનમાં ૯૦ દર્દીઓ નોંધાયા છે.

ગાંધીનગર શહેરના સે. ૭ અને સે. ૨૬માંથી આ બે કેસ મળી આવ્યા છે. શહેરમાં ધીમા પગલે ઠંડીના આગમન પછી અને દિપાવલીમાં ફુટેલા ધરખમ ફટાકડાઓ બાદ પણ કેસો મળતાં તંત્ર અચંબામાં પડી જવા પામ્યું છે. ગાંધીનગર શહેરમાં સે. ૭ અને ૨૬માં આજે તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી છે. આ બન્ને સેક્ટરોમાંથી અગાઉ પણ કેસો મળ્યા હતા એટલે તંત્રએ આ વખતે એન્ટીલારવેલ અને સર્વેલન્સને વધુ સઘન બનાવ્યું છે. ગાંધીનગર શહેર ડેન્ગ્યુ માટે આ વખતે સંવેદનશીલ બન્યું છે. ઠંડીના આગમની સાથે સાથે હવે સાંધાના દુઃખાવાની ફરિયાદો પણ શહેરમાં ઉઠવા પામી છે.

### ગાંધીનગરના ઈસનપુર મોટા અને જાસપુર ખાતે 'સેવા સેતુ'કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી સતીશ પટેલે જણાવ્યું છે કે, સેવા સેતુ કાર્યક્રમ ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા અને કલોલ તાલુકાના જાસપુર ગામ ખાતે તા. ૫મીને, શનિવારે સવારના ૯.૦૦થી સાંજના ૫.૦૦ કલાક પ્રાંતઅધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ સેવા સેતુ કાર્યક્રમ ઈસનપુર મોટા ખાતે શેઠ ભીખાભાઈ હાઈસ્કુલ હોલમાં યોજાશે. જેમાં ચિલોડા(ડ), આલમપુર, શિહોલી મોટી, મહુન્દ્રા, ઈસનપુર મોટા, ડભોડા, મગોડી, વાંકાનેરડા તથા વિરાતલાવડી એમ કુલ-૯ ગામોમાં યોજાશે.

# વારે-તહેવારે ચિલોડા પંથકમાં ખેડૂતો પાકની કાપણી-લણણીમાં વ્યસ્ત

**મગફળી-ડાંગર અને કપાસના પોષણક્ષમ ભાવના અભાવે નારાજ**



ચિલોડા, તા. ૨

તાલુકાના ચિલોડા-ઈસનપુર મોટા - શિવપુર કંપા - મગોડીના મુખ્ય ગામોમાં ખરીફ પાકની કાપણી- લણણીમાં ખેડૂતો પૂરજોશમાં કામે લાગી ગયા છે. ક્યારે ખેતરોમાં મગફળી વીણવાની અને થ્રેસરોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ત્યારે ખરીફ પાકના અંતમાં વરસાદ વિલન બનતાં પાકોની રોનક બદલાતાં પાકના ભાવોમાં ચઢ-ઊતરથી ખેડૂતો દ્વિધાભરી સ્થિતિમાં મૂકાયા છે. દિપોતસ્વી પર્વની ઊજવણીમાં પોષણક્ષમ ભાવો ના અભાવે ખેડૂતો માટે ઉત્સવ ફિક્કો બન્યો હતો. ખરીફ પાક તૈયાર અને બજારોમાં વેચાણ અર્થે લાવતાં વ્યાજબી ભાવ ન મળતાં વેપારીઓની મનમાનીથી ખેડૂતોમાં નીચા ભાવે ખેતપેદાશો વેચવાની ફરજ પડી રહી છે. આમ બજારતંત્ર ખેત-ઉત્પાદન-ખર્ચ-ઉપજ અને આવકમાં તફાવતથી ખેડૂતોની હાલત હરહંમેશ એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિથી મોટો સમુદાય વર્ગ તહેવાર મનાવવામાં નિરસતા જોવા મળી હતી.

# આંખની સારવાર લેવા આવેલા મુખ્યમંત્રીએ દર્દીઓના હાલચાલ પુછ્યાં

**સામાન્ય દર્દીની જેમ સારવાર લેવા આવેલા મુખ્યમંત્રીને સિવિલ હોસ્પિટલ તંત્રએ વીવીઆઈપી સારવાર આપી**

ગાંધીનગર, તા. ૨

નૂતન વર્ષે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલ તંત્રને 'સરપ્રાઈઝ' આપી હતી. આમ તો મુખ્યમંત્રી પોતાની આંખની તપાસ કરાવા માટે આવ્યાં હતા પરંતુ સાથે સાથે તેમણે હોસ્પિટલના ઈન્ડોર વિભાગમાં જાતમુલાકાત લઈ સારવાર લઈ રહેલા દર્દીઓને મળી તેમના હાલચાલ પુછવા સાથે દર્દીઓને મળી રહેલ સેવાઓ અંગે પણ પૃચ્છા કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રીના ચશ્મા તુટી ગયા હોવાથી તેઓ એક સામાન્ય દર્દીની જેમ ગાંધીનર સિવિલ હોસ્પિટલ ખાતે બુધવારે બપોરે પધાર્યા હતા. મુખ્યમંત્રીએ એક સામાન્ય દર્દીની માફક સારવાર લેવાનું વિચાર્યું હતુ પરંતુ સિવિલ હોસ્પિટલ તંત્રએ તેમને વીવીઆઈપી ટ્રીટમેન્ટ આપી હતી. જો કે મુખ્યમંત્રીએ પોતાની સારવાર લેતાં પહેલા સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર વિભાગમાં સારવાર લઈ રહેલા અન્ય દર્દીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી.

દર્દીઓની ખબરઅંતર પૂછ્યાં બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીને આંખની તપાસ કરી જરૂરી સારવાર આપવામાં આવી હતી.






**બેતાલાંના ચશ્મા તુટી જતા સારવાર લેવા આવવુ પડ્યું**

મુખ્યમંત્રીને સતત વાંચન કરવુ પડે છે અને તેમના વાંચવાના ચશ્માં જ તુટી ગયાં હોવાથી તેઓ સારવાર લેવા સિવિલ હોસ્પિટલ ધસી આવ્યા હતા. પત્રકારો સાથે વાતચીત કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે તેમને આંખે બેતાલા છે અને મુખ્યમંત્રી તરીકેનું કાર્યવહન કરવા સતત વાંચન કરવાની જરૂર પડે છે. અને બેતાલાંના જ ચશ્માં તુટી જતા સારવાર લેવી જરૂરી થઈ પડી હતી. આંખની સારવાર વિભાગના એચઓડી ડૉ. રેખાબેને મુખ્યમંત્રી વિજય રૂપાણીની સારવાર કરી હતી.

## વાતવાતમાં

● નૂતન વર્ષના પ્રારંભે અનેક નગરજનોએ મુખ્યમંત્રીને રૂબરૂ મળી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શહેરના નિવૃત્ત પૂર્વ કલેક્ટર બી.એ. શુકલએ પણ મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવવાની સાથે સૈનિક કલ્યાણ નિધિમાં રૂ. ૫૦૦૧નો રોકડ ફાળો આપ્યો હતો.

● દિવાળીની રજાઓમાં શહેરમાં સિનેમા ઘરો હાઉસફુલ રહેવા પામ્યા હતા. જેમાં ઘણા દર્શકોએ ઓનલાઈન બુકિંગ કરાવ્યું હતું. આમાંથી કેટલાક દર્શકો ઉત્સવના ઉત્સાહમાં ભુલથી જે સિનેમાગૃહનું બુકિંગ હતુ તેના બદલે અન્ય સિનેમાગૃહમાં ફિલ્મ જોવા પહોંચી ગયા હતા અને જેમને ટિકિટ ચેકરે ધ્યાન દોરી પાછા વાળ્યા હતા.

● શહેરમાં દિવાળીની રજાઓમાં નગરજનો મોટી સંખ્યામાં બહારગામ ફરવા ગયા હોવાથી તેમને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવવા આવનાર મહેમાનોને ઘરે તાળુ જોઈ પરત ફરવુ પડ્યું હોય તેવા બનાવો પણ બન્યા હતા. વળી, તહેવારોની રજાઓમાં વધતી ઘરફોડ ચોરીના બનાવોને પગલે બહારગામ ફરવા ગયેલા સહેલાણીઓ પણ સમય મળે અડોશી પડોશીને ફોન કરી ઘર ચેક કરી લેવા પુછી જોતા હતા.

● દિવાળીના તહેવારની રજાઓના પગલે ગાંધીનગરમાં બહારગામથી ફરવા આવેલા સહેલાણીઓનો ટ્રાફિક વધી જવા પામ્યો હતો. આ સહેલાણીઓએ અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, સે. ૨૮ બાલોદ્યાન તથા સ્વર્ણિમ પાર્ક ખાતે ભારે ભીડ જમાવી હતી.

### બે સનદી અધિકારીઓ બદલાયા

અમદાવાદ, તા.૦૨

ગુજરાત સરકારે આજે નવા વર્ષની વહીવટી કામગીરીની શરૂઆત સાથે જ બે સીનીયર આઈએએસ અધિકારીઓની બદલી કરી વહીવટીતંત્રને સુચક સંકેત આવ્યા છે. આ બદલીમાં રાજયના પ્રાયમરી અને સેકેન્ડરી શિક્ષણ વિભાગમાં અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા એલ ચાઉન્ગોને રાજયના સામાન્ય વહીવટી વિભાગ જીએડીના અગ્ર સચિવ તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે શિક્ષણ વિભાગમાં તેમની ખાલી પડેલી જગ્યા પર કેન્દ્રમાંથી ગુજરાત કેડરમાં પરત આવેલા આઈએએસ મહિલા અધિકારી સુનયના તોમરને પ્રાયમરી તથા સેકન્ડરી શિક્ષણ વિભાગના અગ્રસચિવ તરીકે નિયુક્તિ કરાઈ છે

# જિલ્લા કોંગ્રેસનું જમ્બો માળખું : નવા ૪૯ હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ હોદ્દેદારોની નિમણુંકમાં સદી વટાવી દીધી છે. વધુ ૪૯ હોદ્દેદારોની નિમણુંક કરી જિલ્લા સંગઠનમાં કુલ ૧૦૫ હોદ્દેદારો થવા જાય છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિએ દિપાવલી દિનની ઉજવણીના આરંભ પૂર્વે સાંજે ૬ વાગે વધુ ૪૯ હોદ્દેદારોની નિયુક્તી કરી છે. જેમાં ૯ ઉપપ્રમુખ, ૧૦ મહામંત્રી, ૧૦ મંત્રી અને ૧૦ સહમંત્રી નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૦ સંગઠન મંત્રી પણ નિયુક્ત કરાયા છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના સંગઠન માળખાની પ્રથમ તબક્કાની યાદીમાં ૬૬ હોદ્દેદારો અને ૨૨ કારોબારી સભ્યોની નિયુક્તી દિપાવલી પર્વ પૂર્વે ૨૪મી ઓક્ટો.ના રોજ કરવામાં આવી હતી.

જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યક્રમોમાં જે હોદ્દેદારો વરાયા છે તેમની પણ પુરતી સંખ્યામાં હાજરી હોતી નથી. બીજી તરફ દરેક જૂથને સમાવી લઈ બધુ બરોબર ચાલી રહ્યાનો સંદેશ લોકોને આપવા માટે આટલી મોટી સંખ્યામાં હોદ્દેદારોની નિયુક્તી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**૪૯ નવા હોદ્દેદારો સાથે સંગઠનમાં કુલ ૧૦૫ હોદ્દેદારો : કારોબારીમાં કુલ ૭૦ સભ્યોની નિયુક્તી કરાઈ**

કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાંચ વિધાનસભા મત વિસ્તાર જિલ્લામાં આવતા હોવાથી આટલી મોટી સંખ્યામાં હોદ્દેદારો નિમાયા છે. નવાને થોડીક તકો ઓછી અપાઈ છે. જિલ્લા કોંગ્રેસ સમિતિમાં ૧૧૫ હોદ્દેદારો અને ૭૦ કારોબારી સભ્યો નિમવામાં આવ્યા છે જે વિદાય લેતા સંગઠન કરતાં ઓછા હોવાનો દાવો પણ કોંગી આગેવાનો કરી રહ્યા છે.

# તલોદમાં ઘરના કંપાઉન્ડમાં ફરતાં અઢળક જીવતા શંખથી આશ્ચર્ય..!!!

**એક શિક્ષકના ઘરના કંપાઉન્ડમાં ૨૦૦થી વધુ શંખ સાથેની ગોકળગાયો જોઈ નગરજનો રોમાંચિત : બે ગોકળગાયના જોડામાંથી અસંખ્ય નાની મોટી ગોકળગાયોની વસ્તી થઈ ગઈ**

તલોદ, તા. ૨

'શંખ' શબ્દ જ સાંભળતા પૂજા-આરતીમાં વપરાતો, શાસ્ત્રોમાં ખાસ કરીને મહાભારતમાં યુદ્ધ વખતે કૃષ્ણએ ફુંકેલ પંચજન્ય શંખ જ યાદ આવી જાય. જો કે શંખ એ એક પ્રકારનો જીવ છે અને તે અન્ય જીવોની જેમ હરે-ફરે-ચરે તથા પ્રજોત્પતિ કરે છે તેવુ હજુ પણ અનેક નાગરિકોને ખબર નથી. ગાંધીનગરથી માત્ર ૪૫ કિમી દૂર સાબરકાંઠાના તાલુકા મથક તલોદ ખાતે એક શિક્ષકના ઘરે અઢળક જીવતા શંખ જોવા મળી રહ્યા છે. જેના કારણે સમગ્ર તલોદમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે. જો કે આ જીવતા શંખ એ એક પ્રકારની જમીન પરની 'ગોકળગાય' તરીકે ઓળખાય છે. આવી ૨૦૦થી વધુ નાની મોટી ગોકળગાય તેમના કંપાઉન્ડમાં જોવા મળી રહી છે.

થોડાક સમય પહેલા તલોદની આમજનતા સોસાયટીમાં રહેતા અને ખાનગી ટ્યુશન કલાસ ચલાવતા શિક્ષક ડી.એસ. લાખીના ઘરના કંપાઉન્ડમાં આ પ્રકારના શંખનું એક જોડુ તેમને જોવા મળ્યું હતું. જેને તેમણે જતનથી પોતાના ફુલ છોડના ક્યારામાં રાખી દીધુ હતુ જેથી કોઈ શિકારી પક્ષી તેનો શિકાર ના કરી જાય. થોડા દિવસ બાદ તેમણે જોયું તો આ જોડાએ ઈંડા મુકી પ્રજોત્પિ કરતા ત્રણ ચાર નાના નાના બચ્ચાં જોવા મળ્યાં હતા. બચ્ચા અને મોટા શંખ બધા તેમના કંપાઉન્ડમાં ફરતા રહેતા હતા અને ખાસ કરીને સાંજના સમયે તે કંપાઉન્ડની બહાર સોસાયટીના રસ્તા પર પણ આવી જતા હતા. આ જોવાની સોસાયટીના બાળકોને ખૂબ મજા પડતી હતી. પરંતુ આશ્ચર્ય સાથે આ તમામ જીવો સવાર સુધીમાં તો ફરીને પાછા કંપાઉન્ડમાં પરત આવી જતા અને ક્યારાઓમાં દિવાલ સાથે કે છોડની ડાળીએ ચોંટીને બેસી જતા હતા. ધીમે ધીમે તેમની સંખ્યા પણ વધવા લાગી અને તેને જોવા માટે સોસાયટી તથા તલોદનગરના નાગરિકોની અવરજવર પણ વધવા લાગી.

ડી.એસ. લાખીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તેની સંખ્યા વધતાં અમને થોડી ચિંતા થઈ હતી પરંતુ અડોશી-પડોશી-મિત્રો વડિલોએ જણાવ્યું કે શંખ તો પવિત્ર કહેવાય અને આ તો જીવતા શંખ એટલે જેના ઘરે હોય તે નસીબદાર કહેવાય, વળી, આ કોઈ કરડે કે નુકસાન કરે તેવો જીવ નહોતો, બાળકોને તેને જોવાની મજા પડતી હતી એટલે મેં રહેવા દીધા અને તેમને ખોરાક માટે 'લોટ' નાંખવાનું ચાલુ કર્યુ પછી ધીમે ધીમે તેની સંખ્યા વધી જવા પામી. અનેક મિત્રો-સગાસંબંધીઓ પોતાના ઘરના કંપાઉન્ડ માટે અહીંથી બે શંખની જોડી લઈ જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે રાત્રે તેઓ ગમે ત્યાં ફરે છે પરંતુ સવાર થતા જ મારા ઘરના કંપાઉન્ડમાં પાછા આવી જાય છે તેથી મને તો હવે ઘરના સભ્યો જેવા લાગવા માંડ્યા છે.





**ગાંધીનગરના વન ચેતના કેન્દ્રના મદદનીશ વન સંરક્ષક હેમંત સુથારને આ બાબતે પુછતા તેમણે જણાવ્યું હતુ કે આ એક ગોકળગાય છે અને તે જમીન પર રહે છે. પૂજા-આરતીમાં વપરાતા સંખથી અલગ છે. આ ગોકળગાય એક મૃદુકાય પ્રાણી હોય છે જે સડેલા પાંદડા, ગંદકી વગેરે આરોગી સ્વચ્છતા ફેલાવે છે. તથા કેલ્શિયમ ચક્રમાં પણ તેનો ફાળો હોવાથી જમીનમાં કેલ્શિયમ વધારવાનું કામ કરે છે. આમ આ દેખાવે ગંદો પરંતુ ખૂબ ઉપયોગી અને બિન હાનિકારક જીવ છે.**

# મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેશુબાપાના આશીર્વાદ મેળવ્યા



રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ભા.જ.પ.ના વરિષ્ઠ અગ્રણી કેશુભાઈ પટેલને તેમના નિવાસ્થાને જઈને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતાં. મુખ્યમંત્રીએ કેશુભાઈ પટેલના ચરણ સ્પર્શ કરીને આર્શીવાદ મેળવ્યા હતા. કેશુભાઈ પટેલે મુખ્યમંત્રીને રાજયના વિકાસ માટેના સુશાસનની શુભ કામનાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

● સ્વ. કનૈયાલાલ માણેકલાલ બેનરજી, ઉ.વ.૫૭